P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૯

№ 0 3 3

તારીખ: 27 FEB 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,

પટેલ જયંતીલાલ રામજીભાઈ,
C/o, ઉમિયાબિલ્ડીંગ મટીરીયલ.
ગામ-બિદડા-માંડવી-કચ્છ,
મોબાઇલ નંબર:-૯૮૨૫૫૭૬૨૭૨

વિષય :- કેસ નંબર પીજી૦૪/૦૦૨/૨૦૧૮-૧૯

<u>સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૨/૨૦૧૮-૧૯</u>

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

<u>બિડાણ-ઉપર મુજબ</u>

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી

(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, માંડવી રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ № 033 તારીખ: 27 FEB 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-002-2018-19.

અરજદાર: પટેલ જયંતિલાલ રામજીભાઈ
c/o ઉમિયા બિલ્ડીંગ મટીરીયલ,
મુ.પો.બિદડા.
તા.માંડવી-કચ્છ

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,માંડવી

રજૂઆત કરનાર: (૧) શ્રી એ.એસ.ગુરવા.,કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,માંડવી
(૨) શ્રી એલ.જી.આહીર.,જુનિ.ઈજનેરશ્રી,પીજીવીસીએલ, માંડવી ગ્રામ્ય પેટાવિભાગ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૫/૦૧/૨૦૧૯



Scanned by CamScanner

# :: અરજદારની રજૂઆત ::

૧.૦ અમો પીજીવીસીએલ માંડવી ગ્રામ્ય પેટાવિભાગના તાબા હેઠળ મોટા આસંબિયા ગામ મધ્યે ગ્રાહક નં. ૩૯૮૦૭/૦૦૭૨૬/૭થી ૨૦ હો.પા. નું થ્રી ફેઈઝ ખેતીવાડી વીજકનેક્શન ધરાવીએ છીએ.

૧.૧ અમોએ માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી મધ્યે તા. ૨૮/૦૫/૨૦૧૮ના રોજ સદર કનેક્શનમાં ૨૦ એચ.પી. ના લોડ વધારા માટે એસ્ટીમેટની રકમ ભરપાઈ કરેલ છે.

૧.૨ અમારી વાડીમાં બોર કરી બે લાખ પચાસ હજારનું રોકાણ કરવામાં આવેલ છે. બાકીના નાણાંની અછત હોવાથી તથા વર્ષ નબળું હોવાથી સ્ટાર્ટર કેબલ, પાઈપ વગેરે ખર્ચની વ્યવસ્થા ન હોવાથી લોડ વધારા માટે ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ થઈ શકેલ નથી.

૧.૩ સદર કનેક્શન માટે લોડ વધારાની રકમ ભરપાઈ થયેલ ન હોવા છતાં પીજીવીસીએલ માંડવી રૂરલ સબડીવીઝન દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૮થી જ બીલીંગચાલુ કરી દેવામાં આવેલ છે.

૧.૪ નાણાંની અછત હોવા બાબતે અમારા દ્વારા માંડવી રૂરલ પેટાવિભાગીય કચેરીએ રજૂઆત કરેલ હોવા છતાં પીજીવીસીએલ દ્વારા વધારાનું બીલ મારા ખાતામાં ચડાવી દીધેલ છે, જે અમારા મતે અયોગ્ય છે. તો આ બાબતે સદર બીલ રદ કરવા માટે ન્યાયિક ચુકાદો આપવા અમારી ફોરમ સમક્ષ નમ્ર વિનંતી છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી જયંતિભાઈ રામજીભાઈ પટેલ માંડવી તાલુકાના બિદડા ગામે - માંડવી રૂરલ સબ-ડીવીઝનના કાર્યક્ષેત્ર હેઠળ ૨૦ હો.પા.નું થ્રી ફેઈઝ ખેતીવાડી કનેક્શન ગ્રાહક નં.૩૯૮૦૭/૦૦૭૨૬/૭થી ધરાવે છે.

૨.૧ અરજદારશ્રી દ્વારા સદર કનેક્શનમાં ૨૦ હો.પા.+ ૨૦ હો.પા.(લોડ વધારો)= ૪૦ એચ.પી. A+B ના લોડવધારા માટેની અરજી કરવામાં આવેલ. જે માટેના એસ્ટીમેટની રકમ તેમના દ્વારા તા.૨૮/૦૫/૨૦૧૮ના રોજ રસીદ નંબર ૮૬૬૩૭૦ અને ૮૬૬૩૭૧થી ભરપાઈ કરવામાં આવેલ.

૨.૨ એસ્ટીમેટની રકમ ભરપાઈ કર્યા બાદ અરજદારશ્રી દ્વારા ટેસ્ટ રીપોર્ટની રકમ ભરપાઈ કરવામાં આવેલ નહીં.

૨.૩ કંપનીના નિયમાનુસાર જો ગ્રાહકનો કોલ ભરાઈ જાય અને તેના ૬૦(સાઈઠ) દિવસની અંદર જો ગ્રાહક ટેસ્ટ રીપોર્ટ ન ભરે તો પણ લોડ વધારો ગ્રાહકના વીજબીલમાં આવી જાય છે. અરજદારશ્રી ને ટેસ્ટ રીપોર્ટ ભરી જવા માટે પત્ર પણ લખવામાં આવેલ હતો.

# :: હુકમ ::

૩.૦ સદર કેસમાં અરજદારશ્રી જયંતિભાઈ રામજીભાઈ પટેલ માંડવી તાલુકાના બિદડા ગામે - માંડવી રૂરલ સબ-ડીવીઝનના કાર્યક્ષેત્ર હેઠળ ૨૦ હો.પા.નું ખેતીવાડી કનેક્શન ધરાવે છે.

૩.૧ ગ્રાહક દ્વારા અન્ય બોર માટે ૨૦ હો.પા.+૨૦હો.પા.(લોડ વધારો) = કુલ ૪૦ હો.પા.માટે માંડવી રૂરલ સબડીવીઝન ખાતે તા.૧૭/૦૪/૨૦૧૮ના રોજ લોડ વધારા માટે અરજી કરવામાં આવેલ.



Scanned by CamScanner

૩.૨ અરજદાર દ્વારા ૨૦ હો.પા.ના લોડ વધારા માટે જરૂરી એસ્ટીમેટ તા. ૨૮/૦૫/૨૦૧૮ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

૩.3 અરજદારની રજુઆત મુજબ વાડીમાં બોર કરી બે લાખ પચાસ હજારનું રોકાણ કરવામાં આવેલ છે. બાકીના નાણાંની અછત હોવાથી તથા વર્ષ નબળું હોવાથી સ્ટાર્ટર કેબલ, પાઈપ વગેરે ખર્ચની વ્યવસ્થા ન હોવાથી લોડ વધારા માટે ટેસ્ટ રીપોર્ટ રજૂ કરી શકેલ નથી.

૩.૪ સદર લોડ વધારાના અનુસંધાને એસ્ટીમેટ ભરપાઈ કર્યા બાદ પીજીવીસીએલ દ્વારા ટેકનિકલ કામગીરી પૂર્ણ થઈ ગયા બાદ પ્રવર્તમાન રેગ્યુલેશન મુજબ TMN(Two Months Notice)આપવી જોઈએ.

૩.૫ પીજીવીસીએલ દ્વારા આજ સુધી કોઈપણ પ્રકારની TMN આપવામાં આવેલ નથી.

૩.૬ પીજીવીસીએલ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, જો ગ્રાહકનો કોલ ભરાઈ જાય તેના ૬૦ દિવસની અંદર જો ગ્રાહક ટેસ્ટ રીપોર્ટ ન ભરે તો પણ કંપનીના નિયમ મુજબ લોડ વધારો આપોઆપ વીજબીલમાં આવી જાય છે. પીજીવીસીએલની આ પ્રકારની રજૂઆત નિયમને સુસંગત નથી.

૩.૭ પીજીવીસીએલ દ્વારા કોલ ભરપાઈ કર્યાની તારીખથી TMNઆપ્યા વગર જે લોડ વધારાના બીલ આપવામાં આવેલ છે. તે પ્રવર્તમાન નિયમોને સુસંગત નથી. આ તમામ લોડ વધારાના બીલ ઓરીજીનલ લોડ મુજબ એટલે કે ૨૦ હો.પા. મુજબ રીવાઈઝ કરવાનો પીજીવીસીએલને હુકમ કરવામાં આવે છે.

૩.૮ આ તમામ લોડ વધારાના બીલો રદ કરવા ઉપરાંત પીજીવીસીએલને નવેસરથી TMN(Two Months Notice)આપવાની સૂચના આપવામાં આવે છે.

૩.૯ આ TMN(Two Months Notice)ઇસ્યુ કર્યાની તારીખથી ૬૦(સાઈઠ) દિવસમાં ગ્રાહક દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવામાં ન આવે તો ૬૦ દિવસ બાદ બીલમાં નિયમ મુજબ લોડ વધારાની ગણતરી કરીને ભવિષ્યમાં જરૂરી બીલો આપવાની સૂચના આપવામાં આવે છે.

૪.૦ અરજદારની લોડ વધારાના બીલો રદ કરવાની અરજી મંજૂર કરવામાં આવે છે. આમ, ફોરમ દ્વારા સદર અરજી ફેંસલ કરવામાં આવે છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદરહુકમમળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-03-005-2018-19

Certified Copy
CGRF, PGVCL, BHUJ



Scanned by CamScanner